# પોલીસ કમિશ્નર કચેરી
# અમદાવાદ શહેર
# નાગરિક અધિકારની માહિતી
# સને ૨૦૦૫ મુજબ

## (૧) નાગરિકોના અધિકારોની અંગેની માહિતી :

(એ) એફઆઇઆર એટલે. શુ ?

જે કોઇ વ્યકતિ બનેલ બનાવો/ગુન્હાની પ્રથમ જાહેરાત જે કોઇ પોલીસ સ્ટેશન જઇને કરે અને જે તે અમલદાર સી.આર.પી.સી 154 મુજબ ગુન્હાની નોંધણી કરે તેને ફર્સ્ટ ઇન્ફોર્મેશન રીપોર્ટ એટલેકે એફ.આઇ.આર કહેવામાં આવે છે.

તેની ટુંકી સમજ નીચે મુજબ છે.

(બી) એફઆઇઆર નોંધવાની પ્રક્રિયા ;

- દરેક કોગ્નીઝેબલ ગુન્હાની તપાસની શરુઆત એફ.આઈ.આર. થી થાય છે. જે સી.આર.પી.સી. કલમ ૧૫૪ મુજબની હોય છે.
- પોલીસ અધિકારનો કોઈ ગુન્હો થયેલ હોય તો તે અંગેની ખબર પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ અધિકારીનેજો મૌખીક રીતે આપવામાં આવે તો પણ તે લખી શકાશે તેમજ પોતાની દેખરેખ નીચે લાખવી શકાશે. અને ખબર આપનારને વાંચી સંભળાવાશે. અને એવી દરેક લેખીત કે લખી લેવાયેલ ખબર આપનારને સહી કરવાની રહેશે.
- ફરીયાદ ખાસ કરીને ભોગ બનનાર અગર તો બનાવ બન્યો હોય ત્યારે હાજર હોય તે વ્યકિત અંગર તો ભોગ બનનારના સબંધી અથવા મિત્ર કે જે આ બનાવ વિશે જાણતા હોય તે વ્યકિતએ ફરીયાદ કરવી જોઈએ.
- ઘણા કિસ્સાઓમાં બીનવારસુ લાશ મળે અને તેમાં ગુન્હાહીત મલ્યુ હોય તેવા સંજોગોમાં અથવા બનાવ સ્થળે પોલીસ સિવાય બીજા કોઈ ફરીયાદી હાજર ન હોય એવા સંજોગોમાં પોલીસ ફરીયાદી બને છે.
- ફરીયાદ પોલીસ સ્ટેશનમાં પોલીસ સ્ટેશન ઓફીસરને અગર તો બનાવ સ્થળે હાજર પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ અધિકારીને સ્થળ પર પણ આપી શકાય છે.

ફરીયાદીએ ફરીયાદ આપતી વખતે ધ્યાનમાં રાખવાની બાબતો--

- બનાવ બન્યા બાદ તુરંત જ નજીકના પોલીસ સ્ટેશને જઈ ફરીયાદ આપવી જોઈએ.
- જો ખબર હોય તો ફરીયાદમાં બનાવનું કારણ તથા હેતુ જણાવવો.
- બનાવ અંગે સત્ય હકિકત જ જણાવવી અને બનાવ વખતે હાજર રહેલ સાક્ષીઓના નામની જાણકારી હોય તો તે પણ જણાવવી.